# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-09-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – પ્રધાનમંત્રી – શિક્ષક દિન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શિક્ષક દિવસની પૂર્વસંધ્યાએ દેશભરના શિક્ષકોને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે શિક્ષકો સમાજના માર્ગદર્શક પ્રકાશ અને આપણા રાષ્ટ્રના ભવિષ્યના શિલ્પી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમની સરકારે **GST** માં આગામી પેઢીના સુધારા લાવ્યા છે. ગઇકાલે સાંજે દિલ્હીમાં રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો સાથે વાતચીત કરતા શ્રી મોદીએ કહ્યું કે, **GST 2.0** એ રાષ્ટ્ર માટે સમર્થન અને વિકાસનો ડબલ ડોઝ છે અને **GST** હવે વધુ સરળ બની ગયો છે. તેમણે ઉમેર્યું કે **GST** સુધારાથી મધ્યમ વર્ગ, નવમધ્યમ વર્ગ, ગરીબ, યુવાનો અને મહિલાઓને લાભ થશે

પ્રધાનમંત્રીએ કહ્યું કે સમયસર પરિવર્તન વિના, ભારત આજની વૈશ્વિક પરિસ્થિતિમાં તેનું યોગ્ય સ્થાન મેળવી શકશે નહીં. શ્રી મોદીએ કહ્યું કે, શિક્ષકો એક મજબૂત રાષ્ટ્ર અને સશક્ત સમાજનો પાયો છે. તેમણે કહ્યું કે, તેમનું કાર્ય વર્ગખંડોથી ઘણું આગળ વધે છે. તેમણે કહ્યું કે, શિક્ષકો યુવા શક્તિમાં ચારિત્ર્ય ઘડે છે અને જિજ્ઞાસા જગાડે છે.

**-------------------------------------------------------------------------------------**

## જીએસટી – સીએમ પ્રતિક્રિયા

રોજીંદી વસ્તુઓ અને સેવાઓ પરના **GST** દરોમાં ઘટાડો કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકાર્યો છે. તેમણે જણાવ્યુ, આ સુધારાથી કરોડો મધ્યમ

વર્ગના પરિવારો, ખેડૂતો, નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને ફાયદો થશે. આ સાથે રાજ્યના નાણા મંત્રી કનુ દેસાઇ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે પણ નિર્ણયની પ્રશંસા કરી. જ્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ આ નિર્ણયને આવકારતા કહ્યું કે **GST** દરોમાં સુધારાથી આરોગ્યલક્ષી સેવાઓમાં રાહત મળશે.

આ નિર્ણયને રાજ્યના વિવિધ વેપારી મંડળોએ પણ આવકાર્યો છે. ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ **GCCI**ના અધ્યક્ષ સંદીપ એન્જિનિયરે કહ્યું, આ સુધારા વેપારીઓ અને ઉદ્યોગકારો માટે લાભદાયી નીવડશે.

**--------------------------------------------------------------------------------------------**

## ગુજરાત વાયબ્રન્ટ સમીટ- સીએમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો દ્વારા રાજ્યમાં ક્ષેત્ર વિશેષ રોકાણની નવી તકો ખુલશે. વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનોના સંદર્ભમાં નવી દિલ્હી ખાતે અગ્રણી ઉદ્યોગપતિઓ સાથેના સંવાદ કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. તેમણે કહ્યું, દેશની કુલ નિકાસમાં ગુજરાતનું **27** ટકા યોગદાન છે. તેમણે ઉમેર્યું કે ગુજરાતની વિકાસ યાત્રાનું આગામી પગલું ભવિષ્ય માટે તૈયાર મેગા પરિયોજના સંચાલિત હશે.

**--------------------------------------------------------------------------------------------**

## શિક્ષક પારિતોષિક સમારોહ : રાજ્યપાલ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજ રોજ અમદાવાદ ખાતે 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ' યોજાશે; પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત આવતા કુલ **30** શિક્ષકોને પારિતોષિક એનાયત કરવામાં આવશે. દરમિયાન કચ્છ જિલ્લા કચ્છ જિલ્લાકક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અભિવાદન સમારોહ આજે સવારે **9 અને 45 મિનિટે** મુક્ત જીવન સ્વામીબાપા

મહિલા કોલેજ ખાતે પ્રમુખ શ્રી કચ્છ જિલ્લા પંચાયત તેમજ ધારાસભ્યોશ્રીની ઉપસ્થિતિમાં યોજાશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન – વરસાદ – કચ્છ

આગામી **3** દિવસ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નર્મદા, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લાઓ માટે ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કરાયું છે. આગામી **5** દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે અને પવનની ગતિ **30** થી **40** કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમિયાન વરસાદની આગાહીના પગલે કચ્છમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી દસ્તક દીધી છે. ગઇકાલે સાંજે વાદળો ગોરંભાયા હતા અને રાત્રિના સમયે અલગ-અલગ તાલુકાના અનેક વિસ્તારોમાં સારો એવો વરસાદ વરસ્યો હતો, ભુજ અને નખત્રાણામાં પવન સાથે ભારે ઝાપટાં વરસ્યાં હતાં. ગાંધીધામ, રાપર, અંજાર, ભચાઉ, પશ્ચિમ કચ્છના કાળા ડુંગર, કુરન, સુમરાસર, ગ્રામીણ વિસ્તારમાં સાંજના સમયે વરસાદ પડ્યો હતો. જિલ્લા કંટ્રોલ રૂમમાંથી મળતી વિગતો મુજબ છેલ્લા **12** કલાક દરમિયાન ભચાઉમાં **45** મિ.મિ., રાપર **32,** ભુજ **5,** અંજાર **24,** મુન્દ્રા **15,** ગાંધીધામ **12** તેમજ માંડવીમાં **1** મિલિમિટર વરસાદ નોંધાયો હતો.

---------------------------------------------------------------------------------------

## ઇદ મીલા દુન્નબીની ઉજવણી

દેશભરની સાથે કચ્છમાં પણ આજે ઈદ એ મીલાદુન્નબીની ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે જીલ્લા મથક ભુજ ઉપરાંત વિવિધ તાલુકા મથકો અને ગામોમાં જુલુસો યોજાશે. આ સાથે ઠેર ઠેર તકરીરોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. દરમિયાન જિલ્લાભરની મસ્જિદોને રોશનીથી શણગારવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

# ગણેશોત્સવ – પ્રોત્સાહક પુરસ્કાર -ભુજ

રાજ્ય સરકારે આ વખતે ગણેશોત્સવના માધ્યમથી નાગરિકોમાં દેશભક્તિ અને સ્વદેશીની ભાવના કેળવવા માટે એક અનોખી પહેલ કરી છે. જેમાં, ગણેશ પંડાલમાં ઓપરેશન સિંદૂર અને સ્વદેશી અપનાવવા અને પર્યાવરણ જાગૃતિનો સંદેશો આપનાર આયોજકો માટે પ્રોત્સાહક પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે ત્યારે કચ્છના ભુજ આરટીઓ ખાતેના વરદ વિનાયક ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ પંડાલ આ વર્ષે સમાજને પ્રેરિત કરતા સંદેશાઓનું પ્રેરણા કેન્દ્ર બન્યો હતો. અહીં દર્શનાર્થે આવતા ભાવિકોને આધ્યાત્મ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ઇકોફ્રેન્ડલી ગણેજીની મૂર્તિના સ્થાપન દ્વારા આપવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------